**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૫૮ ટકા

# સે-૩માં રામેશ્વર મંદિર પાસેનો ખાડો જોખમરૂપ..!!

## એક જ વરસાદમાં રોડ ધોવાઈને ખાડો પડી જતા વસાહતીઓમાં રોષ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં સોમવારે વરસેલા વરસાદને પ્રતાપે રોડ રસ્તા બાબતે તંત્રની પોલ ખુલવા માંડી છે. એક જ વરસાદમાં રોડ પર ખાડા પડી જવાની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. સેકટર-૩માં રામેશ્વર મંદિર તથા સરકારી પ્રાથમિક શાળા વચ્ચેના ભાગમાં રોડ પર પડેલ ઊંડો ખાડો આ માર્ગ પરના વાહનચાલકો માટે જોખમરૂપ બનવા પામ્યો છે.

સેકટર-૩માં સુપ્રસિધ્ધ રામેશ્વર મંદિર તથા સરકારી પ્રાથમિક શાળા વચ્ચેના મુખ્ય માર્ગ પર વરસાદને કારણે આશરે દોઢ થી બે ફુટનો ખાડો પડી જવા પામ્યો છે. આ ખાડામાંથી મેટલ્સ અને કપચીના પથ્થરો પણ બહાર આવી ગયા છે. આ માર્ગ પરથી પસાર થતા સેકટરના વસાહતીઓ તથા અન્ય વાહનચાલકો માટે આ ખાડો જોખમરૂપ બન્યો છે. આ સાથે આ રોડ પર અનેક સ્થળે રોડનું ધોવાણ થવા પામ્યું છે અને કપચીની કાંકરીઓ છુટી થઈ જવાથી ટુ વ્હીલર ચાલકોને સ્લીપ થઈ જવાની શકયતા રહેલી છે. માત્ર એક જ વરસાદમાં રોડની આ હાલત થઈ જતા વસાહતીઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે. આ માર્ગ પર ચાલુ વરસાદે પાણીનો ભરાવો થયો હોય છે ત્યારે વાહનચાલકોને આ ખાડાની ખબર પડતી નથી અને તેથી ખાડો તેમના માટે અત્યંત જોખમરૂપ બન્યો છે. સત્વરે આ ખાડાની મરામતનું કામ કરાય અને ચોમાસામાં રોડની હાલત બદતર ના થાય તેવું મજબૂત કામ થાય તેવી વસાહતીઓ અપેક્ષા સેવી રહ્યા છે. આ સાથે અગાઉ રોડનું નબળું કામ કરનાર જવાબદારો સામે પગલાં ભરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.



## વાતવાતમાં

● સે-૨૩, ૨૪ અને ૨૫માં વરસાદી પાણીના ભરાવાના પ્રશ્ન તાત્કાલિક ધોરણે ઉકેલવા વસાહતીઓએ સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલને રજુઆત કરી હતી. કોર્પોરેટર નીલાબેન શુકલ સ્થાનિક અગ્રણીઓ ધીરુભાઈ ડોડિયા અને સુરેસભાઈ મેહતા સાથે પીવાના પાણીના મુદ્દે રજુઆત કરવા પાટનગર યોજના ભવનમાં ગયા ત્યારે તેમણે સાથે આ પ્રશ્નની પણ રજૂઆત કરી હતી.

● ગાંધીનગરમાં ચોવીસ કલાકમાં ભારે વરસાદની આગાહીને અનુલક્ષીને મોસમે પલ્ટો લેતા સૂર્યદેવના દર્શન થયા હતા અને વરસાદની આશા ઠગારી નિવડતા દિવસ ખાતો કોરોકટ ગયો હતો.

## જિલ્લાની પ્રાથમિક શાળાઓનો સમય બપોરનો કરવામાં આવ્યો

ગાંધીનગર, તા.૪

સમયસરના ચોમાસાના આગમનને પગલે વાતાવરણમાં થયેલા બદલાવને ધ્યાને લઈ જિલ્લા શિક્ષણ તંત્રએ પણ શાળાના સમયમાં ફેરફાર કરી હવે ૧૦.૩૦ થી ૫.૩૦નો કરવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા આ અંગેના જરુરી હુકમો કરી દેવામાં આવ્યા છે તેમજ ટેલિફોનિક સૂચનાઓ પણ અપાઈ ચુકી છે.

જિલ્લાની ૬૩૨ શાળાઓમાં આ સમય ફેરફાર થવા પામ્યો છે. જૂનના પ્રારંભે શાળાઓના શૈક્ષણિક સત્રનો આરંભ થયો હતો. વરસાદને પગલે બાળકોને વહેલા ઉઠવામાં પણ તકલીફ પડતી હોય છે તે બાબતને ધ્યાને લેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

સામાન્યત: પાણીની તકલીફને ધ્યાને રાખી તેમજ ગરમીના પ્રમાણને નજર સમક્ષ રાખી સ્કુલોનો સમય સવારનો કરવાનો નિર્ણય લેવાયો હતો. હવે સ્કુલો બપોરની થતાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ રાહત અનુભવી છે.

# એ.ટી.એમને ગેસ કટરથી કાપીને ચોરીનો પ્રયાસ કરનાર ઝડપાયો

### એલ.સી.બીની ટીમે ગેસ કટર અને ગેસનાં ટીન સાથે વેજલપુરનાં શખ્સને કુડાસણથી દબોચી લીધો : એ.ટી.એમમાં પડેલી ૧૫.૩૦ લાખની કેશની ચોરી થતા અટકી







ગાંધીનગર, તા.૪

ન્યુ ગાંધીનગર ખાતે કુડાસણ વિસ્તારમાં કેનરા બેંકનાં એ.ટી.એમ ને રાત્રી દરમ્યાન ગેસ કટરથી તોડીને ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો આ શખ્સને ગાંધીનગર એલ.સી.બીની ટીમે ગણતરીનાં કલાકોમાં પકડી પાડયો છે. કુડાસણ વિસ્તારમાંથી જ આ શખ્સને ગેસ કટર તથા ગેસનાં ટીન સાથે દબોચી લેવાયો છે. ગાડી અને ચોરી કરવા વપરાયેલા માલસામાન સાથે વેજલપુરનાં આ શખ્સની ધરપકડ કરી લઈ એલ.સી.બી એ ઝીણવટભરી તપાસ શરુ કરી છે. બેરોજગારીનો ભોગ બનેલા આ શખ્સને દેવુ થઈ જતા ચોરી કરવાનો વિચાર આવ્યો હોવાની કેફીયત પોલીસ સમક્ષ આપી છે.

ગાંધીનગર એલ.સી.બી પી.આઇ જે.ડી.પુરોહીતની ટીમ ઈન્ફોસીટી નજીકનાં વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન પી.એસ.આઇ એચ.કે. સોલંકી અને તેમની ટીમ કુડાસણ નજીક કેનરા બેંકનાં એ.ટી.એમ બહારથી પ્લાસ્ટીકની થેલી સાથે શંકાસ્પદ હાલતમાં ફરતા એક શખ્સને પકડી પાડયો હતો. તેની પ્લાસ્ટીકની કોથળી તપાસતા અંદરથી ગેસ કટરનાં નાના ટીન અને ગેસ કટર મળી આવ્યુ હતુ. પુછપરછ કરતા આ શખ્સ વેજલપુર રહેતો રશીક ભીખુ પરમાર હોવાનુ જાણવા મળ્યુ હતુ. આ મુદ્દામાલ અંગે પુછતાછ કરતા કુડાસણની કેનરા બેંકનાં એ.ટી.એમને ગેસ કટરથી કાપીને અંદર્થી કેશ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હોવાનુ ખુલ્યુ છે. એ.ટી.એમ માં રૂ.૧૫.૩૦ લાખ કેશ હતી. જો કે ચોરીનો પ્રયાસ ચાલી રહ્યો હતો ત્યારે કોઈ રાહદારી ત્યાથી નિકળતા ચોરી કરવામાં સફળતા મળી ન હતી. એલ.સી.બી ની ટીમે તેની ધરપકડ કરી લઈ ગાડી અને ચોરીના મુદ્દામાલ જપ્ત કરી ઉંડી પુછપરછ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ ચી કે બેરજગારીનો ભોગ બનેલા આ શખ્સને દેવુ વધી જતા આ એ.ટી.એમ ચોરીનો વિચાર આવ્યો હતો. અગાઉ ક્યારેય આવુ કોઈ કૃત્ય આચર્યુ છે કે કેમ તેની તપાસ ચાલી રહી છે.

## દેના ગ્રામીણ બેંક દ્વારા માઈક્રો એટીએમનો લોન્ચિંગ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૪

તાજેતરમાં દેના ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા ડીઝીટલાઈઝેશનના અમલીકરણ સર માઈક્રો એટીએમનો લોન્ચિંગ સમારોહ તા. ૨૮ જુનના રોજ યોજાયો હતો સાથે માઈક્રો એટીએમની વિસ્તૃત માહિતી પણ આપવામાં આવી હતી.

ભારતભરમાં એટીએમ સેવા કાર્યરત છે પણ દેના ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા ટેકનોલોજીના યુગમાં માઈક્રો એટીએમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ માઈક્રો એટીએમ દ્વારા ખાતુ ખોલવું, થાપણ જમા-ઉપાડ, મોબાઈલ સીડીંગ, રૂપે કાર્ડ એકટીવેશન જેવી વિવિધ બેંકીંગ સેવાઓ પુરી પાડવામાં આવશે. આ સમારોહમાં નાણાંકીય સમાવેશ અને ડીઝટલાઈઝેશનના અમલીકરણ અંગે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. 'પૈસા બેંકમે, પાણી ટેંકમે' નું સુત્ર આપી તેનો ઉપયોગ કરવા માટે ભારપૂર્વક સૂચન કર્યું હતું.

આ માઈક્રો એટીએમ લોન્ચીંગ સમારોહ પ્રસંગે દેના ગુજરાત ગ્રામીણ બેંકના ચેરમેન, જનરલ મેનેજર રાકેશ ચલાવારીયા દેના બેંક લીડ ડીસ્ટ્રીકટ મેનેજર એ.એલ. જેતાવત તેમજ દેના ગુજરાત ગ્રામીણ બેંકના ભૂજ, હિંમતનગર અને પાટણ રીજીયોનના રીજીયોનલ મેનેજર હાજર રહ્યા હતા.

## શહેર પેન્શનર્સ સમાજની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ, ગાંધીનગરની જુલાઈ ૨૦૧૭ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૬-૭-૨૦૧૭ને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ૫.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સે-૨૨ ખાતે યોજાશે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

## રામજી મંદિર વાવોલ ખાતે ગુરુ પૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામે સ્થિત શ્રી રામજી મંદિરના પાવન પ્રાંગણમાં પ્રતિવર્ષે ઉજવાતો ગુરુ પૂર્ણિમાનો દિવ્ય પ્રસંગ આગામી તા. ૯ જુલાઈને રવિવારના રોજ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુરુ પૂર્ણિમાના આ પાવન પ્રસંગે સૌ ભકતજનોને હાજર રહેવા મંદિર પરિવાર દ્વારા જણાવાયું છે.

વાવોલના રામજી મંદિર ખાતે ગુરુ પૂર્ણિમાનો પાવન પ્રસંગ ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં સવારે ૫.૩૦ કલાકે મંગળા આરતી, ધ્વજા પૂજન સવારે ૯.૧૫ કલાકે, પાદુકા પૂજન સવારે ૯.૩૦ કલાકે, ગુરૂ પુજન તથા દિક્ષા સવારે ૧૦.૦૦ કલાકે, ગુરૂ આરતી સવારે ૧૧.૦૦ કલાકે, જયારે ભકતો માટે બપોરે ૧૧.૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આજના સમયમાં તન,મન, અને ધન શુદ્ધ કરવા માટે સદગુરુના આશિર્વાદ ખૂબ જ જરુરી છે. ત્યારે આ પાવન પ્રસંગે સૌ ભકતજનોને પધારવા મંદિર પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

## વાસ્તુનિર્માણ સોસાયટીના હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા


ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની વાસ્તુનિર્માણ સોસાયટીની વાર્ષિક જનરલ મીટીંગ તા. ૨જી જુલાઈએ મળી હતી. જેમાં નવી કારોબારીના નવ સભ્યો બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. સોસાયટીના સભ્યોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા તેમ વાસ્તુનિર્માણ સોસાયટીના હોદ્દેદાર નારણભાઈ પટેલે જણાવેલ છે.

## શિહોલી મોટીમાં ડમ્પર વિજવાયરને અડી જતા ડ્રાઈવરનું મૃત્યુ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા પાસે મહુન્દ્રા તરફ જતા સર્વિસ રોડ નજીક શિહોલી મોટી ગામની સીમમાં સોમવારે સવારે અગિયાર વાગ્યાના સુમારે પંચરત્ન એન્ટરપ્રાઈઝ પાસે ડમ્પર ન. જી.જે ૧૮ એ.એલ. ૧૭૨૩નું હાઈડ્રોલીક ઉંધું કરતા સમયે ટ્રોલી ઉપરથી પસાર થતા જીવંત વીજતાર સાથે અડી જવાથી વિજપ્રવાહ ડમ્પરમાં વહેવા લાગતા અંદર સવાર ચાલક અકરામભાઈ ધનાભાઈ (ઉ.વ. ૪૨) રહે. સિમલીયા, સંતરામપુર, જિ. પંચમહાલનું મોત થયું હતું. માલિક મધુભાઈ ચાલકને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિલમાં લઈ ગયા પરંતુ ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા. ચિલોડા પોલિસે અકસ્માતે મોતની નોંધ કરીને એ.એસ.આઈ. અજમદખાને વધુ તપાસ હાથ ધરી છે.



## શ્રમજીવી બાળકોને ચંપલનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૪

જલારામ મહિલા મંડળ દ્વારા સે-૨૯ના ટેન્ટ એસ.ટી.પી. વર્ગના શ્રમજીવી બાળકોને ૧૮ જોડી ચંપલનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે જલારામ મહિલા મંડળના વિદ્યાબેન ઠકકર, ભાનુબેન ઠકકર, જયાબેન ઠકકર, જશુબેન ઠકકર, કુસુમબેન તન્ના તેમજ સર્વે મહિલા મંડળની બહેનો ઉપસ્થિત રહી હતી.

## વીએચપી અને બજરંગદળ દ્વારા અમરનાથ યાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૪

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ઉત્તર ગુજરાતના યાત્રિકો માટે અમરનાથ યાત્રાનો ૨૭ જુલાઈના રોજ પ્રારંભ કરવામાં આવશે.

બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા હિન્દુઓની આસ્થા સમાન બાબા અમરનાથની યાત્રાનું છેલ્લા ૧૦ વર્ષથી આયોજન કરવામાં આવે છે ત્યારે આ વર્ષે પણ અમરનાથ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે તા.૨૭ જુલાઈના રોજ અમદાવાદથી ટ્રેનમાં પ્રસ્થાન કરવામાં આવનાર છે તેથી આ યાત્રામાં જોડાવવા વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ ગુજરાત ક્ષેત્રિય કાર્યાલય, ૧૧ મહાલક્ષ્મી સોસાયટી, મહાલક્ષ્મી મંદિર સામે પાલડી ફોન નં. ૦૭૯-૨૬૬૦૪૦૧૫ અને મો. ૮૧૪૦૭૬૫૯૮૧ પર સંપર્ક કરી નામ નોંધાવવા જણાવવામાં આવ્યું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**વિજય પટેલ**

**સ્વરામ્બિકા ઈન્ફોપ્રિન્ટ**

**ગાંધીનગર ગમે**

મજાનું શહેર ને એમાં વસતા મજાના માણસોના કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

સગા કે મિત્રોની જેમ સ્નેહી બનીને રહે એવાં સ્નેહાળ નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સે. ૨૮ જીઆઈડીસી એસોસિએશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગ્રો ફાઉન્ડેશન, જેસીઆઈ, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ તેમજ જી ઈ ક્લબ દ્વારા કરવામાં આવતી સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

નાગરિકો સ્વયં નગરને લગતી વિવિધ બાબતોની જવાબદારી ઊઠાવી લે તો નગર અવશ્ય બહેતર બની શકે તેમ છે.

**નગર માટે હું કરી શકું**

વ્યક્તિત્વ વિકાસની કામગીરી માટે મારી મદદ આપવા માટે હું તૈયાર છું.

## ૪૬ બોટલ વિદેશી દારૂ અને ૯૨ ટીન બિયર સાથે બુટલેગરની ધરપકડ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક પેથાપુર મહુડી હાઈવે પરથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી કાર પસાર થવાની હોવા અંગે બાતમી મળતા ગઈ સાંજે પેથાપુર પોલીસે નાકાબંધી કરીને દારૂ-બિયરનાં જથ્થાની ફેરાફેરી કરતા બુટલેગરને જથ્થો ભરેલી કાર સાથે પકડી પાડ્યો હતો. પોલીસે લીસા મીલ સામેથી કારને પકડીને દારૂ બિયરનો જથ્થો પકડી બુટલેગરની ધરપકડ કરી માલ ક્યાથી લઈ આવ્યો હતો અને ક્યા પહોંચડવાનો હતો તે અંગે પુછતાછ શરુ કરવામાં આવી છે.

ગાંધીનગર એલ.સી.બી ની ટીમે ગઈ કાલે પેથાપુર પોલીસ સ્ટેશનની હદમા બેરોકટોક ચાલતા વિદેશી દારૂના અડ્ડા પર રેઈડ કરીને દારૂ-બિયરનો જથ્થો પકડી પાડયો હતો. આ પ્રકરણમાં પેથાપુર પોલીસ ઉંઘતી ઝડપાયા બાદ સાંજે સફાળી જાગી ગઈ હતી. પેથાપુર પી.એસ.આઇ દેસાઇ તથા તેમની ટીમને એલ.સી.બીની રેઈડ બાદ તરત જ બાતમી મળી કે મહુડી- પેથાપુર હાઈવે પરથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી કાર પસાર થવાની છે. આ બાતમી મળ્યા બાદ પેથાપુર પોલીસની ટીમ લીસા મીલ સામે ઉભી રહી ગઈ હતી અને બાતમી વાળી જીજે ૨૧ ૪૭૬૦ નંબરની કાર નિકળતા પકડી પાડી હતી. કારમાં તપાસ કરતા અંદરથી ૪૬ બોટલ વિદેશી દારૂ અને ૯૨ ટીન બિયર મળી રૂ.૧૩,૮૦૦ નો દારૂ-બિયર મળી આવ્યો હતો. દારૂ-બિયર અને કાર જપ્ત કરી પેથાપુર પોલીસે ગજેન્દ્ર ઉર્ફે ગજુભા રણજીતસિંહ વાઘેલા નામનાં શખ્સની ધરપકડ કરી લઈ ઉંડી તપાસ શરુ કરી છે.

## જમ્મુ-કાશ્મીર કે જનનાયક મહારાજા હરિસિંહ' પુસ્તકનું વિમોચન કરતાં રાજ્યપાલ

ગાંધીનગર, તા. ૪

રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે 'જમ્મુ-કાશ્મિર-તથ્ય, સમસ્યા અને સમાધાન' વિષયક સેમિનારમાં 'જમ્મુ-કાશ્મિર કે જનનાયક મહારાજા હરિસિંહ' પુસ્તકનું વિમોચન કર્યું હતું.

રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, મહારાજા હરિસિંહ પ્રજાવત્સલ અને સુધારાવાદી રાજવી હતા. તેમણે જમ્મુ-કાશ્મિરમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મફત બનાવ્યું હતું. વંચિતોના વિકાસ માટે તેઓ સતત કાર્યરત રહ્યા હતા અને મહિલાઓના ઉત્કર્ષ અને સમાનતાના તેઓ હિમાયતી રહ્યા હતા.

છેલ્લા અનેક વર્ષોથી મહારાજા હરિસિંહ વિશે જે લખાતું આવ્યું છે તેથી તેઓની એક નકારાત્મક છબિ બની છે પરંતુ તેઓનું તટસ્થ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓની માનવતાવાદી અને પ્રજાકલ્યાણકારી છબિના તેઓના વ્યક્તિત્વમાં દર્શન થાય છે.

હિમાચલ પ્રદેશના કેન્દ્રિય વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિ ડૉ. કુલદીપચંદ અગ્નિહોત્રી દ્વારા લિખિત આ પુસ્તકમાં મહારાજા હરિસિંહના વ્યકિતત્વને અલગ દષ્ટિકોણથી રજૂ કરાયો છે તે અભિનંદનને પાત્ર છે.

આ પુસ્તકમાં મહારાજા હરિસિંહનું તટસ્થ અને સાચુ મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જેથી મહારાજા હરિસિંહ પ્રત્યેની વિકૃત છબિ અને ગ્રંથી દૂર થશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

# ગૌરીવ્રતને પગલે અવનવી મીઠાઈઓ ઓન ડિમાન્ડ

ગાંધીનગર, તા.૪

રાજયમાં ગૌરીવ્રતનો પ્રારંભ થઈ ચુક્યો છે. ગૌરીવ્રત કુંવારીકાઓ સારા વરની પ્રાપ્તિ થાય તે માટે કરે છે. જયારે આ વ્રતના પગલે કુંવારીકાઓને અભ્યાસમાં પણ સારો એવો ફાયદો થાય છે.ત્યારે શહેરની બાળાઓ ગૌરીવ્રતની ઉજવણી ઉત્સાહ પૂર્વક કરે છે. ત્યારે વ્રતમાં મોળી ચીજવસ્તુઓનો ઉપયોગ બાળાઓ કરી શકે તે માટે વેપારીઓ દ્વારા અવનવી મીઠાઈઓ તૈયાર કરી દેવામાં આવે છે. જેમાં ખાસ કરીને દુધીનો તેમજ ચીકુનો હલવો નાની બાળાઓ સવિશેષ પસંદ કરે છે. તે ઉપરાંત બાળાઓને હાથવગે ખાવા માટે મુકતી, રેવડી, ચીકી, મોળી ભાખરી તેમજ ખાખરા નગરના બજારોમાં હાજર સ્ટોકમાં છે. મીઠાઈના વેપારીઓ પણ વ્રતને ધ્યાને રાખી આગોતરુ આયોજન કરી રાખતા હોય છે. જયારે આ વર્ષે જીએસટીને પગલે ડ્રાયફુટના ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. જેમાં ખાસ કરીને અંજીર એક કિલોના રૂ.૧૧૦૦ તેમજ જરદારુના એક કિલોના રૂ.



૧૬૦૦ ભાવે વેચાણ થાય છે. જેને કારણે ડ્રાયફુટની ઘરાકી બજારમાં ઓછી જોવા મળે છે. જયારે બજારમાં સ્પેશીયલ ડ્રાયફુટના ગીફટ બોકસ રૂ.૩૫૦ થી લઈને રૂ.૩૦૦૦ સુધીના ઉપલબ્ધ છે. બજારમાં મોળા બફવડા અને ચીપ્સ પણ મળતા નાની બાળાઓને મોળી ચીજવસ્તુમાં પણ વિવિધતા જોવા મળે છે.અત્યારે હાલ તો ગૌરીવ્રત કરનારી નાની બાળાઓ ડ્રાયફુટ, ફ્રુટ, માવાની મીઠાઈઓ, સહિતની ચીજવસ્તુઓ બજારમાં ઉપલબ્ધ છે. જયારે બજારમાં વ્રતને પગલે બજારોમાં ખરીદી માટે ભારે ભીડ જોવા મળી રહી છે. પરંતુ વેપારીઓના મતે પહેલા જેવી ઘરાકી અત્યારે હાલના સમયે જોવા મળતી નથી. આ વ્રતમાં કુંવારી બાળાઓ દિવસ દરમિયાન મોળુ ખાઈને ગોરમાની પૂજા કરે છે. આ સાથે તેઓ જવારા ઉછેરે અને તેનું પાંચ દિવસ સુધી જતન કરી પુજન કરે છે. પાંચ દિવસ બાદ જાગરણ કરીને વ્રતની પૂર્ણાહુતી કરે છે. ત્યારે વ્રતની સિઝનનો પ્રારંભ થતા બજારમાં અનોખો માહોલ સર્જાયો છે.ત્યારે બજારોમાં ખરીદી માટે પણ નાગરીકોની ભારે ભીડ જોવા મળી રહી છે.

## ચિરવિદાય

- સ્વ. લલીતાબેન બાલકૃષ્ણ બારોટ, ઉ.વ. ૭૨
- સ્વ. શંકરજી દેવુજી ચાવડા, ઉ.વ. ૬૨
- સ્વ. અંકિતસિંહ દશરથસિંહ રાઠોડ, ઉ.વ. ૨૭
- સ્વ. રજનીકાન્ત માધવલાલ કડીયા, ઉ.વ. ૫૮
- સ્વ. ભીખાજી જીવાજી રાઠોડ, ઉ.વ. ૬૭
- સ્વ. ગોદાવરીબેન ખોડીભાઈ પટેલ, ઉ.વ. ૭૨